# આર જી પટેલ સ્કૂલમાં સમર કેમ્પ સંપન્ન




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ ગર્લ્સ સેકન્ડરી સ્કૂલ અને શ્રીમતી એસ બી પટેલ ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાની વિદ્યાર્થિનીઓ માટે સમર કેમ્પનું સમાપન બુધવારે કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ભાગ લેનારા સૌ તાલીમાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. સાત દિવસના આ સમર કેમ્પમાં ૩૭૫ જેટલા તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. આ સમર કેમ્પનું સંચાલન શ્રીમતી આર જી પટેલ ગર્લ્સ સેકન્ડરી સ્કૂલ અને શ્રીમતી એસ બી પટેલ ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલના ઈન-ચાર્જ આચાર્ય ગિતેષભાઈ પટેલ, સુપરવાઈઝર રમેશભાઈ પટેલ, ગીતાબેન પટેલ અને શિક્ષક વિજયભાઈ પટેલ, પંકજભાઈ પટેલ, જયશ્રીબેન મંહત તથા અનીલભાઈ રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



**રમેશભાઈ ઠક્કર**
સાહિત્યકાર
મો. : ૯૮૭૯૫૨૪૬૪૩




**સાગર દેસાઈ**
સિંગર, એક્ટર
મો. ૮૪૬૦૪ ૭૬૦૯૦



**તાહિર પરમાર**
ગાંધીનગર યુથ કોંગ્રેસ મહામંત્રી
મો. ૯૯૨૪૨ ૬૩૬૮૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે. - સંપાદક




સમર્પણ પબ્લિક સ્કૂલ, સૅક્ટર-૨૮ ખાતે યુનિવર્સલ ગૃપ આયોજિત સમર કેમ્પ ૨૦૧૯નું આયોજન ૧૯થી ૨૮ એપ્રિલ દરમિયાન કરવામાં આવ્યું હતું. બાળકોએ માર્શલ આર્ટ, સેલ્ફ ડિફેન્સ, એડવેન્ચર્સની સાથે આર્ટ એન્ડ ક્રાફટની પણ તાલીમ પ્રાપ્ત કરી હતી. કેજીથી માંડીને ધોરણ-૧૧ સુધીના વિદ્યાર્થીઓએ આ સમર કેમ્પમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મંડાલા આર્ટ, મધુબની પેઈન્ટિંગ, મડ-મીરર વર્કમાં પણ બાળકો દ્વારા બનાવવામાં આવેલી ઉત્કૃષ્ટ પ્રતિભાઓનો પરિચય મળ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવામાં વાલીગણની સાથે સાથે ડિરેક્ટર મહેન્દ્રસિંહ વાઘેલા, વિજયસિંહ, કેમ્પસ ડિરેક્ટર મુકેશ વૈદ્ય અને આચાર્ય નિધિ શર્માનો પણ સક્રિય સહયોગ રહ્યો હતો.

## સરગાસણની શ્રી શરણમ્ સોસાયટીમાં શિવપુરાણ મહાયજ્ઞનું આયોજન

ગાંધીનગર, તા. ૧

ન્યૂ ગાંધીનગરના સરગાસણમાં શ્રી શરણમ સોસાયટી ખાતે શિવપુરાણ મહાયજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. કાળઝાળ ગરમીમાં આ ધાર્મિક પ્રસંગ થકી રાત્રિએ શીતળતાનો અહેસાસ ભાવિક ભક્તો મોટી સંખ્યામાં હાજર રહી કરી રહ્યા છે. સોસાયટીના સ્વ. શ્રી બાપોદરીયા નાનજીભાઈ વશરામભાઈના સ્મરણાર્થે શિવપુરાણ કથા જ્ઞાનયજ્ઞનું આયોજન તેમના સ્વજન રાજેશભાઈ દ્વારા કરવામાં આવ્યું છે. વાવોલ સ્થિત શ્રી સિધ્ધનાથ મહાદેવના મહંત શિવ ઉપાસક તપોધન બાપુ પોતાની મધુર વાણીમાં કથારસ પીરસી રહ્યા છે. તા ૨૬/૪/૧૯ થી પ્રારંભ થયેલી આ કથા તા.૪/૫/૧૯ ના રોજ વિરામ લેશે. સોસાયટીના રહીશો દૈનિક આરતી પ્રસાદનો લાવો મેળવી પુણ્યનું ભાથું બાંધી રહ્યા છે. સોસાયટી મધ્યે આલીશાન શામિયાણાનું સુંદર અને અદભુત આયોજન સૌ રહીશો ભેગા મળી કરી આંગણે આવેલ ધાર્મિક પ્રસંગ ને રંગેચંગે ઉજવી રહ્યા છે. કથા દરમિયાન વિવિધ પ્રસંગો ના પાત્રો ઊભા કરી કથાને જીવંત બનાવવા વક્તા તપોધન બાપુના પ્રયાસો પ્રશંસનીય બન્યા છે.

## શાળાઓમાં સીસીટીવી બાબતે સરકારની સ્પષ્ટતા કરે : હાઈકોર્ટ

ગાંધીનગર, તા. ૧

ખાનગી હોય કે સરકારી શાળાઓમાં બાળકો સાથેના જાતીય શોષણ કે પછી હિંસક ઘટનાઓના કિસ્સાઓ અનેકવાર સામે આવતાં હોય છે. ત્યારે છાત્રોની સલામતીના મુદ્દાને ધ્યાનમાં રાખીને રાજ્યની તમામ શાળામાં સીસીટીવી કેમેરા લગાવવાની દાદ માંગતી જાહેરહિતની અરજી હાઈકોર્ટ સમક્ષ થઈ છે. જે રિટમાં હાઈકોર્ટે રાજ્ય સરકારને તમામ શાળામાં સીસીટીવી લગાવવાની કાર્યવાહી કરવા અને એ સંદર્ભે સોગંદનામું કરીને જવાબ રજૂ કરવાનો મહત્ત્વનો આદેશ કર્યો છે. હાઈકોર્ટના એક્ટિંગ ચીફ જસ્ટિસ અનંત એસ. દવે અને જસ્ટિસ બિરેન વૈષ્ણવની ખંડપીઠે ક્યાં સુધી સીસીટીવી લગાવાશે તે અંગે સરકારને સ્પષ્ટતા કરવા કહ્યું છે. આ કેસની વધુ સુનાવણી ૧૭મી જૂન રોજ રાખવામાં આવી છે.

અરજદાર દીપક સોનીએ એડવોકેટ નિશિથ જોષી મારફતે આ સમગ્ર મામલે જાહેરહિતની અરજી કરી છે. જેમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યાં છે કે,'ખાનગી, સરકારી કે ગ્રાન્ટ-ઈન શાળાઓમાં છાત્રો સાથે શારીરિક અડપલાં, જાતીય શોષણ અને ઘણીવાર હિંસાના બનાવો પણ બનતાં હોય છે. ત્યારે શાળા જેવી જગ્યાએ પણ બાળકની સલામતીનો મોટો મુદ્દો ઉપસ્થિત થાય છે. શાળાનું વાતાવરણ બાળક માટે એકદમ અનુકૂળ અને સ્વસ્થ હોવું જોઈએ. એટલું જ નહીં અનેક શાળા ખાસ કરીને સરકારી અને કોર્પોરેશન સંચાલિત શાળાઓમાં શિક્ષકો આવે છે કે કેમ અને તેઓ આવે છે તો ભણાવે છે કે કેમ તે મામલે પણ વિવાદ રહે છે. ઘણીવાર બાળકોની હાજરી લેવામાં પણ કચાશ રાખવામાં આવે છે. ત્યારે આ બધી બાબતોનું મોનિટરિંગ કરવામાં આવે તો શિક્ષણનું સ્તર સુધરી શકે છે અને ઊંચું જઈ શકે છે. તેથી સીસીટીવી કેમેરા તમામ શાળાઓમાં ફરજિયાત લગાવવા જોઈએ.'

આ રિટમાં એવી રજૂઆત કરવામાં આવી છે કે,'શાળાઓમાં બાળકો સાથે થતાં દુષ્કર્મ અને ખાસ કરીને વિકૃત માનસિકતાવાળા લોકોથી બાળકોનું જાતીય શોષણ બચાવવા માટે સીસીટીવી કેમેરા લગાવવા આવશ્યક છે. વિદ્યાર્થીઓ સાથે થતા મારઝૂડના કિસ્સા પણ સીસીટીવીના કારણે નિયંત્રણ આવી શકે છે.

શાળાઓમાં જતાં બાળકોનું રક્ષણ થવું આવશ્યક છે. રાજ્યમાં દરેક રસ્તાઓ હવે સીસીટીવીની વોચ હેઠળ આવી ગયાં છે. પોલીસ સ્ટેશનોમાં પણ સીસીટીવી લાગી ગયા છે. ત્યારે સરળ ટેકનોલોજીનો ઉપયોગ કરી શાળાઓમાં પણ સીસીટીવી લગાવી શકાય છે.'

## જેઈઈ એડવાન્સ માટે રજિસ્ટ્રેશન ઉજીથી

ગાંધીનગર, તા. ૧

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીમાં પ્રવેશ માટે જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામ (જેઈઈ) એડવાન્સની પરીક્ષા ૨૭ મેના રોજ સમગ્ર દેશમાં અને વિદેશમાં એક સાથે લેવામાં આવશે. હાલમાં જેઈઈ-એડવાન્સની પરીક્ષા માટે વિદેશના વિદ્યાર્થીઓની રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. જ્યારે ભારતીય વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા ૩ મેએથી શરૂ થશે અને ૮ મે સુધી ચાલશે. આ વખતે આઈઆઈટી-રૂરકી દ્વારા ત્નઈઈ-એડવાન્સની પરીક્ષા લેવામાં આવનાર છે. આ વખતે જેઈઈ-એડવાન્સ માટે ૨.૫૦ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓ ક્વોલિફાઈ થયા છે.

જેઈઈ-એડવાન્સ માટેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જેઈઈ મેઈન્સના પરિણામના આધારે હવે જેઈઈ-એડવાન્સ માટેનું રજિસ્ટ્રેશન થશે. હાલમાં જેઈઈ-એડવાન્સ માટે વિદેશના વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન શરૂ કરી દેવાયું છે. જ્યારે ભારતના વિદ્યાર્થીઓ માટે રજિસ્ટ્રેશનની કાર્યવાહી હવે પછી શરૂ કરવામાં આવશે. રજિસ્ટ્રેશન ફી સામાન્ય અને ઓબીસીમાં આવતા વિદ્યાર્થીઓ માટે રૂપિયા ૨૬૦૦, એસ.સી, એસ.ટી. અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે રૂપિયા ૧૩૦૦ રાખવામાં આવી છે. જેઈઈ-એડવાન્સની વેબસાઈટ પર ઓનલાઈન મોક ટેસ્ટ લિંક પણ જાહેર કરવામાં આવી છે. જેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને કમ્પ્યૂટર બેઈઝડ ટેસ્ટથી માહિતગાર કરવાનો છે. ૨૭ મેના રોજ આઈઆઈટી રૂરકી દ્વારા દેશભરમાં જેઈઈ-એડવાન્સની પરીક્ષા લેવાશે. ગત વર્ષે ૨.૨૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ જેઈઈ મેઈન્સના આધારે જેઈઈ-એડવાન્સ માટે ક્વોલિફાઈ થયા હતા. પરંતુ ૬૫ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓએ જેઈઈ-એડવાન્સ માટે રજિસ્ટ્રેશન જ કરાવ્યું ન હતું. આ વખતે ૨.૫૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ જેઈઈ-એડવાન્સ માટે ક્વોલિફાઈ થયા હોવાનું જાણવા મળે છે. દેશભરની ૨૧ જેટલી IITમાં પ્રવેશ માટે દર વર્ષે મે મહિનામાં જેઈઈ-એડવાન્સની પરીક્ષા લેવાય છે. દર વર્ષે દેશની જુદી-જુદી આઈઆઈટીને જેઈઈ-એડવાન્સ લેવાની જવાબદારી સોંપવામાં આવતી હોય છે. આ વખતે આ પરીક્ષાનું આયોજન આઈઆઈટી- રૂરકીને સોંપવામાં આવ્યું છે.

જેઈઈ-મેઈનના પરિણામ બાદ દર વર્ષે સરેરાશ ૨ થી ૨.૨૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ જેઈઈ-એડવાન્સ માટે લાયક ઠરતા હોય છે. જેઈઈ-એડવાન્સની વહેલા લેવાનું આયોજન કરાયું હતું. પરંતુ લોકસભાની ચૂંટણીમાં છેલ્લા તબક્કાનું મતદાન અને પરીક્ષા સાથે આવતી હોવાથી પરીક્ષાની તારીખમાં ફેરફાર કરાયો હતો. જે મુજબ હવે ૨૭ મેના રોજ જેઈઈ-એડવાન્સ લેવાશે. જેમાં સવારના ૯ વાગ્યાથી ૧૨ વાગ્યાની શિફ્ટમાં પેપર-૧ અને બપોરના ૨ વાગ્યાથી ૫ વાગ્યાની શિફ્ટમાં પેપર-૨ની પરીક્ષા લેવામાં આવશે. ૨૭ મેના રોજ જેઈઈ-એડવાન્સની પરીક્ષા પૂર્ણ થયા બાદ જૂનમાં પરિણામ જાહેર કરાશે.

## ગાંધીજીનો વિનોદ

॥ પંદરમો મણકો ॥

**૩૫ - સ્વાગત**


એક દિવસ ગાંધીજી ફરવા નીકળ્યા હતા ત્યાં એક પત્રકાર પહોંચી ગયો અને પ્રશ્ન કર્યો કે બાપુ, આપ તો સંત છો. એટલે મૃત્યુ પછી આપને સ્વર્ગ જ મળશે. કેમ ખરું ને ?

ગાંધીજી : મૃત્યુ પછી મને સ્વર્ગ મળશે કે નરક તે હું કહી ન શકું, પણ એટલું તો ચોક્કસ કહીશકું કે હું સ્વર્ગમાં હોઈશ કે નર્કમાં પણ મારા સ્વાગત માટે ગમે ત્યાં પત્રકારોનું દળ તો જરૂર હશે જ.

**૩૬ - લોહીનું દબાણ ઉતારવાનો ઉપાય**

એક વાર કોઈ હોમિયોપથીની દવા કરનાર દાક્તર ગાંધીજીની તપાસ કરવા આવ્યા. રોગનું નિદાન કરતાં પહેલાં દરદીના કુટુંબમાં કયો રોગ પ્રચલિત છે, તેનાં માતાપિતાનું અવસાન કેવી રીતે થયું એ બધો ઈતિહાસ જાણવામાં એમને ભારે રસ હતો. તેથી ગાંધીજીને તેમણે પૂછ્યું : તમારા પિતાજીનું અવસાન કેવી રીતે થયું હતું ?

ગાંધીજી : તે પડી ગયા હતા અને તેમને ભગંદરનું દરદ થયું હતું. તેથી તે ૬૫ વરસની ઉંમરે મૃત્યુ પામ્યા.




દાક્તર : તમારાં માતુશ્રીનું અવસાન કેવી રીતે થયું ?

ગાંધીજી : તે વિધવા થઈ અને ભગ્નહૈયે મૃત્યુ પામી.

દાક્તરને ધારેલો જવાબ ન મળવાથી તે મૂંઝાયા પણ તેમણે પ્રશ્નો પૂછવાનું ચાલુ રાખ્યું : તમારી યાદદાસ્ત કેવી છે ?

ગાંધીજી : તમે કલ્પની શકો એટલી ખરાબ છે, ઝીણી વિગતોને યાદ રાખવાની શક્તિ હું ગુમાવી બેઠો છું. જો તમે મને એ શક્તિનતી ભેટ કરો તો હું તમારો પૈસા વિના જાહેરાત કરનારો એજન્ટ થઈશ.

દાક્તર : એ તો ઈશ્વરની ભેટ છે. તમારી માગણીનો સ્વીકાર કરવાની મારી ગમે તેટલી તીવ્ર ઈચ્છા હોય તોય હું તેમ કરી શકું એમ નથી.

ગાંધીજી : મારી માગણીના સ્વીકાર વિના એ બક્ષિસ આપો.

ગાંધીજીની વિનોદધારા ચાલતી હતી ત્યાં જ વચ્ચે દાક્તરે પ્રશ્ન બદલ્યો, તમે એકવાર હરદ્વારની મિશન ઈસ્પિતાલ જોવા આવેલા અને મેં તમને બધે ફેરવેલા તે યાદ છે ?

ગાંધીજી : હા, ઈસ્પિતાલની મુલાકાત લીધેલી તે યાદ છે.

દાક્તર (ખુશ થઈને) : તો તો તમારી યાદદાસ્ત ઘણી જ સારી છે.

ગાંધીજી : ના, ના, તમે ત્યાં હતા તે બિલકુલ યાદ નથી.

આમ વિનોદ ચાલી રહ્યો હતો. દાક્તરે ગાંધીજીના રોગનું નિદાન કર્યું. પછી વિદાય લેતાં પહેલાં તેમણે ગાંધીજીને પૂછ્યું :

મારી એક શિષ્યા તમને મળવાને ઘણી જ આતુર છે. તે એક પ્રેમાળ ગુજરાતી છોકરી છે. જો તમે રજા આપો તો હું તેને અંદર બોલાવું.

ગાંધીજી : બધી જ ગુજરાતી છોકરીઓ પ્રેમાળ હોય છે.

દાક્તર : ના, મહાત્માજી ! એમ કહો કે બધી જ છોકરીઓ પ્રેમાળ હોય છે.

ગાંધીજી ખુશમિજાજમાં હતા. તે બોલ્યા : પણ ગુજરાતી છોકરીઓની એ વિશિષ્ટતા છે. પણ જોજો એની સાથે નાસી નહીં જતા. આ વાક્ય સાંભળી દાક્તર ગભરાઈ ગયા. કંઈક નાપસંદગી વ્યક્ત કરતાં તે બોલ્યા, અરે બાપુ ! તમે આવું કેમ કહો છો ? હું ૬૦ વરસનો થયો છું. આ ઉંમરે તો હું કોઈની સાથે પણ નાસી જઈ શકું એમ નથી.



પણ ગાંધીજી રંગે ચડ્યા હતા. તે બોલ્યા, પણ ૬૦ વરસની ઉપરના એક માણસને ઓળખું છું જે એક ફ્રેન્ચ છોકરી સાથે નાસી ગયો હતો. આમ લાંબો સમય સુધી બધાંને હસાવ્યા પછી બધાં શાંત થયા ત્યારે ગાંધીજી બોલ્યા, આ રીતે હું મારું લોહીનું દબાણ ઓછું કરું છું.

**'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર**

## ધો. ૧૨ સાયન્સનું પરિણામ મે માસના બીજા સપ્તાહમાં

ગાંધીનગર, તા. ૧

શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ માસમાં લેવામાં આવેલી ધોરણ-૧૦ અને ૧૨ના પરિણામો મે માસના અંત સુધીમાં જાહેર કરી દેવાનું આયોજન કરાયું છે. ધોરણ-૧૨ સાયન્સનું પરિણામ મેના બીજા સપ્તાહમાં જાહેર કરાશે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૦નું પરિણામ મેના અંતમાં જાહેર કરાય તેમ સૂત્રોએ જણાવ્યું છે. જોકે, બોર્ડ દ્વારા હજુ સુધી પરિણામ અંગે સત્તાવાર જાહેરાત કરી નથી.

તા.૭ માર્ચથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા લેવાઈ હતી. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી હાથ ધરાઈ હતી. આ કામગીરી પૂણ પૂર્ણ થતાં હવે બોર્ડ દ્વારા પરિણામ જાહેર કરવાની તૈયારીઓ શરૂ કરી છે. આ વખતે પણ પરિણામ અગાઉની જેમ સમયસર જાહેર કરવામાં આવશે તેમ બોર્ડના સૂત્રો જણાવી રહ્યા છે. સૌપ્રથમ ધોરણ-૧૨ સાયન્સનું અને ગુજકેટનું પરિણામ મેના બીજા સપ્તાહમાં જાહેર કરાશે. ત્યારબાદ મેના ત્રીજા અથવા ચોથા સપ્તાહમાં બાકીના બંને પરિણામ જાહેર કરી દેવાશે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સકેન્ડરી એજ્યુકેશન દ્વારા લેવાયેલી ધો-૧૦ અને ૧૨ના પરિણામો પણ મે માસમાં જ જાહેર કરાશે તેમ સૂત્રો જણાવી રહ્યા છે. સીબીએસઈ બોર્ડ દ્વારા મેના ત્રીજા સપ્તાહમાં ધોરણ-૧૨નું પરિણામ જાહેર કરવામાં આવશે. ત્યારબાદ ધોરણ-૧૦નું પરિણામ જાહેર કરવામાં આવશે.

## ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનાં શિક્ષક સ્નેહા પટેલ પીઍચડી થયાં



ગાંધીનગર, તા. ૩૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનાં કૉમર્સ વિભાગનાં અંગ્રેજી વિષયના શિક્ષક સ્નેહા કનૈયાલાલ પટેલ પીઍચડી થયાં છે. તેમણે પંડિત દિનદયાલ પૅટ્રોલિયમ યુનિવર્સિટીના સ્કૂલ ઑફ લિબરલ સ્ટડીઝ દ્વારા ગાઈડ નિગમ દવેના માર્ગદર્શન હેઠળ પ્રસ્તુત કરેલા મહાશોધ નિબંધને માન્ય રાખીને યુનિવર્સિટી દ્વારા તેમને આ ઉપાધિ એનાયત કરવામાં આવી છે. સંસ્થાના ચૅરમૅન વલ્લભભાઈ પટેલ અને સ્કૂલના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન દ્વારા સમગ્ર સંસ્થા, શાળા પરિવાર તરફથી સ્નેહાબેનને આ સિદ્ધિ બદલ બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## તુલસીશ્યામના જંગલમાં હીટવેવથી ત્રસ્ત સિંહો માટે ૩૩ 'પરબ' બંધાઈ



ગાંધીનગર, તા. ૧

ખાંભા તુલસીશ્યામ રેન્જમાં સિંહો અને વન્યપ્રાણી માટે ૩૩ પાણીના પોઈન્ટ (પરબ) કાર્યરત કરવામાં આવ્યા છે. હાલ ગરમી વધતાં વન વિભાગ દ્વારા સિંહો માટે ખાસ તકેદારી લેવામાં આવી રહી છે.

ધારી ગીર પૂર્વના ખાંભા તુલસીશ્યામ રેન્જમાં ગુજરાતમાં સૌથી વધારે સિંહોની વસ્તી હોવાનું ખુદ વન વિભાગે સ્વીકાર્યું છે ત્યારે હાલ ખાંભા સહિત ગીર વિસ્તારમાં હાલ ઉનાળામાં છેલ્લા બે દિવસથી ૪૬ ડીગ્રી તાપમાન પહોંચ્યું છે. સિંહોને પીવા માટે પૂરતું પાણી જોઈતું હોવાનું ધ્યાનમાં રાખીને ધારી ગીર પૂર્વના ડીસીએફ તેમજ એસીએફ પરમાર અને આરએફઓ પરિમલ પટેલના માર્ગદશન અને સૂચનાથી વન વિભાગ દ્વારા ખાંભા તુલસીશ્યામ રેન્જ દ્વારા સિંહો અને વન્ય પ્રાણીઓ માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. હાલ ૩૩ જેટલા પાણીના પોઈન્ટ કાર્યરત કરવામાં આવ્યા છે. કોદિયાવિડી સહિત ચારથી પાંચ જગ્યાએ નવા પાણીના પોઈન્ટ સારું કરવામાં આવ્યા છે.ખાંભા તુલસીશ્યામ રેન્જમાં હાલ કુલ ૩૩ પાણીના પોઈન્ટ છે. બધા જ જંગલમાં જ પોઈન્ટ આવેલા છે. જેમાં નવ પાણીના પોઈન્ટ ટેક્કર દ્વારા ભરવામાં આવે છે તેમજ ૧૮ પાણીના પોઈન્ટ દરરોજ મજૂર દ્વારા ભરવા આવે છે અને ૬ પાણીના પોઈન્ટ પવનચક્કી દ્વારા ભરવામાં આવતા હોવાનું વન વિભાગે જણાવ્યું હતું.